# ભારતીય જનતા પાર્ટી
## કર્ણાવતી મહાનગર
કાર્યાલય : પંડિત દીનદયાળ ભવન, જે.પી.ચોક, ખાનપુર, કર્ણાવતી-૩૮૦૦૦૧ (ગુજરાત)
Phone : (079) 25509730, +91 97277 09730 • Email : os2bjpkarnavati@gmail.com • Web : www.bjpkarnavati.org


પ્રેસનોટ તા.૨૪/૦૮/૨૦૨૧

## પ્રદેશ પ્રમુખશ્રી સી. આર. પાટીલની અધ્યક્ષતામાં કર્ણાવતી મહાનગરમાં કાર્યકર્તા સંવાદ શિબિર યોજાઈ.

------

**કર્ણાવતી મહાનગરમાંથી શરૂ થયેલી પરંપરા અને સંઘર્ષના પરિણામે પંચાયતથી પાર્લામેન્ટ સુધી ભાજપનો ભગવો લહેરાયો છે. - શ્રી અમિતભાઈ પી. શાહ**

**રાજ્યને ઉતમ થી સર્વોતમ સુધી લઇ જવામાં સૌનું યોગદાન છે. – શ્રી પ્રદીપસિંહ જાડેજા**

**કાર્યકર્તાઓ સાથેની કનેક્ટીવીટી માટે પેજ કમીટી રામબાણ ઈલાજ છે. – શ્રી પ્રદીપસિંહ જાડેજા**

**સ્વયંની અપેક્ષા અને આશાઓને પશ્ચયાદ ભૂમિમાં મૂકીને સમાજોપયોગી કાર્ય કરવું એ આપણો ધર્મ છે. - શ્રી રત્નાકરજી**

**સુરક્ષા, પ્રગતિ, ઉત્સાહ અને આનંદના વાતાવરણનું નિર્માણએ સમગ્ર દેશમાં ભાજપાનો સ્વધર્મ રહ્યો છે. - શ્રી રત્નાકરજી**

**સ્વયંશિસ્ત ભાજપાના કાર્યકરની મહામુલી મૂડી છે. - શ્રી સી.આર.પાટીલ**

**સરકારી યોજનાઓની માહિતી- 'એપ'ના માધ્યમથી છેવાડાના માનવી સુધી પહોંચાડવી એ આપણી ફરજ છે. - શ્રી સી.આર.પાટીલ**

**પ્રજાની મુશ્કેલી દુર કરવી એ ભાજપાના કાર્યકરની પ્રાથમિક ફરજ છે જેમાં તે કયારેય પીછે હઠ કરતો નથી. - શ્રી સી.આર.પાટીલ**

**પેજ સમિતિ ચૂંટણી જીતવાનું અમોધ શસ્ત્ર છે. - શ્રી સી.આર.પાટીલ**

---

કર્ણાવતી મહાનગર મીડિયા સેલની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર આજરોજ પ્રદેશ પ્રમુખ**શ્રી સી. આર. પાટીલ**ની અધ્યક્ષતામાં કાર્યકર્તા સંવાદ શિબિર પાલડી ટાગોર હોલ ખાતે યોજાઈ.

શહેર પ્રમુખશ્રી **અમિતભાઈ પી. શાહે** રાજા કર્ણદેવ અને આશાવારી ભીલના કર્મની રાજધાની એવા કર્ણાવતી મહાનગરમાં પ્રદેશ પ્રમુખ**શ્રી સી.આર.પાટીલ** તેમજ પ્રદેશ સંગઠન મહામંત્રી**શ્રી રત્નાકરજીનું** હૃદયથી સ્વાગત કર્યું હતું. આ એક એવી ભૂમિ છે કે જે, **શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક, શ્રી નાથાલાલ ઝગડા, શ્રી અશોક ભટ્ટ ,શ્રી નરેન્દ્રભાઈ મોદી, શ્રી.અમિત શાહ અને શ્રીમતી આનંદીબેન પટેલ** જેવા પ્રખર રાષ્ટ્રભક્તોની કર્મભૂમિ રહી છે જે સૌને તેમણે આદરપૂર્વક યાદ કર્યા હતા. રાજકીય દ્રષ્ટિએ ત્રણ લોકસભા અને ૧૬ વિધાનસભા, ૪૮ વોર્ડનો વિસ્તાર ધરાવતા **આ કર્ણાવતી મહાનગરમાંથી શરૂ થયેલી પરંપરા અને સંઘર્ષના પરિણામે પંચાયતથી પાર્લામેન્ટ સુધી ભાજપનો ભગવો લહેરાયો છે.**

વધુમાં શ્રી શાહે જણાવ્યું હતું કે કર્ણાવતી મહાનગરમાં **૨,૯૫,૦૦૦** સમિતિનું કાર્ય પૂર્ણ થયું છે. આગામી સમયમાં બાકી રહેલી પેજ સમિતિનું કાર્ય પૂર્ણ કરવા કાર્યકરોને જોતરાઈ જવા તેમણે અપીલ કરી હતી. પ્રધાનમંત્રી**શ્રી નરેન્દ્રભાઈ મોદી** તેમજ રાજ્યમાં મુખ્યમંત્રી**શ્રી વિજયભાઈ રૂપાણીના** નેતૃત્વમાં થયેલા પ્રજા કલ્યાણના અને વિકાસના નક્કર કાર્યોની તેમણે વિશદ છણાવટ કરી હતી.

રાજ્યના ગૃહમંત્રીશ્રી **પ્રદીપસિંહ જાડેજાએ** જણાવ્યું હતું કે નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અનેક કાર્યકરોને કાર્ય કરવાની તક મળી છે અમ્યુ. મ્યુ. કોર્પોરેશનના ભવ્યાતિભવ્ય વિજયનો યશ મહાનગરના સૌ કાર્યકરોને જાય છે. કોરોનાની મહામારીમાં અમ્યુ. મ્યુ. કોર્પોરેશનની ટીમ અને સંગઠને જે ખુબ જ યશદાયી કાર્ય કર્યું છે. **રાજ્યને ઉતમ થી સર્વોતમ સુધી લઇ જવામાં સૌનું યોગદાન છે. "ગુજરાત એ મારો આત્મા છે. ભારત મારો પરમાત્મા છે" એ શ્રી નરેન્દ્રભાઈ મોદી** બોલ્યા હતા. સર્જીકલ સ્ટ્રાઈક, સી.એ.એ, અફગાનિસ્તાનથી પરત આવી રહેલ ભારતીયો પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રબળ ઈચ્છા શક્તિના ઉદાહરણ છે ૫૧ હજાર પેજ કમીટીના સભ્યો વટવા વોર્ડમાં બનાવાયા છે. કાર્યકર્તાઓ સાથેની કનેક્ટીવીટી માટે પેજ કમીટી રામબાણ ઈલાજ છે.

નવનિયુક્ત પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી **રત્નાકરજીએ** જણાવ્યું હતું કે ચૂંટાયેલા પ્રતિનિધિશ્રીઓ તથા કાર્યકરોના પ્રથમ સુભગ સમન્વય અને સંપર્કનો અવસર છે. માત્ર શબ્દોમાં જ નહિ પરંતુ વ્યવહારમાં પણ 'પાર્ટી વિથ ડીફરન્સ' આપણે રહ્યા છીએ. સમાજના સંકટના સમય માં સમર્પણ ભાવ થી કાર્ય કરવું એ આપણને એક વિશિષ્ટતા બક્ષે છે. સ્વયંની અપેક્ષા અને આશાઓને પશ્ચયાદ ભૂમિમાં મૂકીને સમાજોપયોગી કાર્ય કરવું એ આપણો ધર્મ છે. **સુરક્ષા, પ્રગતિ, ઉત્સાહ અને આનંદના વાતાવરણનું નિર્માણ એ સમગ્ર દેશમાં ભાજપાનો સ્વધર્મ રહ્યો છે.** વ્યક્તિગત પ્રયત્નોના સમૂહને સામુહિક શક્તિ આપણાને આપણા લક્ષ સુધી પહોંચાડશે.

પ્રદેશ **અધ્યક્ષશ્રી સી. આર. પાટીલજીએ** જણાવ્યું હતું કે **સ્વયંશિસ્ત ભાજપાના કાર્યકરની મહામુલી મૂડી છે.** પૂર્વ ચૂંટાયેલા જનપ્રતિનિધિશ્રીઓના અનુભવ અને પ્રજા સાથેના તાલમેલનો લાભ સંગઠનને મળવો જોઈએ જે થકી સંગઠન વધુ મજબુત બને છે. મારા નામ કે કામથી કોઈ વિવાદ સર્જાય નહિ એ ચૂંટાયેલ પ્રતિનિધિનો સંકલ્પમંત્ર બની રહેવો જોઈએ. તેમજ સાંસદસભ્યશ્રીઓ અને ધારાસભ્યશ્રીઓ દ્વારા થયેલા કાર્યની માહિતી આપી હતી. તેમજ ચૂંટાયેલા જનપ્રતિનિધિશ્રીઓએ કરેલા જનસેવાના અને વિકાસના કાર્યોની માહિતી ચોક્કસ રાખવી જોઈએ તેવું આગ્રહ પૂર્વક શ્રી પાટીલે જણાવ્યું હતું. પેજ કમીટીના વિષયમાં ઊંડાણપૂર્વક ચર્ચા કરીને કાર્યકરો સમક્ષ પેજ સમિતિનું મહત્વ ચુંટણીના મેદાનમાં કેટલું ઉપયોગી છે તે જણાવ્યું હતું. પેજ કમીટી પૂર્ણ હશે તો રાજ્યની તમામ વિધાનસભાની બેઠકો પર જીત નિશ્ચિત કરી શકાય. પેજ સમિતિ ચૂંટણી જીતવાનું અમોઘ શસ્ત્ર છે. સરકારી યોજનાઓની માહિતી- 'એપ'ના માધ્યમથી છેવાડાના માનવી સુધી પહોંચાડવી એ આપણી ફરજ છે. પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના- દસ વ્યક્તિઓનો વીમો ઉતારવો જોઈએ. ૧૭મી સપ્ટેમ્બરે, પ્રધાનમંત્રી**શ્રી નરેન્દ્રભાઈ મોદીના** જન્મદિને **૭૧૦૦ ગામોમાં** સાંજે ૦૭.૦૦ કલાકે રામધૂનનો કાર્યક્રમ છે. પ્રત્યેક બુથમાં ૫૦ વ્યક્તિઓને 'નમો' ડાઉનલોડ કરાવો. 'મારો જન્મ જીતવા માટે થયો છે' એ સંકલ્પ આપણો જીવનમંત્ર બની રહેવો જોઈએ તેમજ પ્રધાનમંત્રી**શ્રી નરેન્દ્રભાઈ મોદીના** જીવન પર ૩૫૩ પુસ્તકો લખાયા છે, ૯ ઓક્ટોબરે પ્રધાનમંત્રી**શ્રી નરેન્દ્રભાઈ મોદીના CM TO PM**ના યશસ્વી કાર્યકાળના **૨૦ વર્ષ પૂર્ણ** થશે જે સમગ્ર દેશવાસીઓ માટે ગૌરવની ક્ષણ છે. પ્રજાની મુશ્કેલી દુર કરવી એ ભાજપાના કાર્યકરની પ્રાથમિક ફરજ છે જેમાં તે કયારેય પીછે હઠ કરતો નથી.

આ સંવાદ સંમેલનમાં આભાર વિધિ શહેર મહામંત્રી**શ્રી જીતેન્દ્રભાઈ પટેલે** કરી હતી.

આ સંવાદ સંમેલનમાંમાં પ્રદેશ મહામંત્રી અને શહેર પ્રભારીશ્રી પ્રદીપસિંહ વાઘેલા, પ્રદેશ ઉપપ્રમુખશ્રી ગોરધનભાઈ ઝડફિયા, પ્રદેશ મંત્રીશ્રી મહેશભાઈ કસવાલા, પ્રદેશ સહકોષાધ્યક્ષશ્રી ધર્મેન્દ્રભાઈ શાહ, શહેર પ્રમુખશ્રી અમિતભાઈ પી. શાહ સહિત શહેર સંગઠનના પદાધિકારીઓ, સાંસદસભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, વોર્ડ પ્રમુખશ્રીઓ- મહામંત્રીશ્રીઓ, મ્યુ.કાઉન્સીલરશ્રીઓ સહિત અપેક્ષિત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

**લી**


**ડૉ.અમિત જ્યોતિકર**

**(કન્વીનર મીડિયા વિભાગ – કર્ણાવતી મહાનગર)**